# વાઘા (લોંગ લાઈન) ફીશીંગ દરમ્યાન સમુદ્ર પક્ષીનો આકસ્મિક પકડાશ ઘટાડવા માટે ઇન્ટરનેશનલ પ્લાન ઓફ એકશન

♦

# શાર્કનાં સંરક્ષણ અને વ્યવસ્થાપન માટે ઇન્ટરનેશનલ પ્લાન ઓફ એકશન

♦

# માછીમારી ક્ષમતા વ્યવસ્થાપન માટે ઇન્ટરનેશનલ પ્લાન ઓફ એકશન

Food and Agriculture Organization of the United Nations

# વાધા (લોંગ લાઈન) ફીશીંગ દરમ્યાન સમુદ્ર પક્ષીનો આકસ્મિક પકડાશ ઘટાડવા માટે ઇન્ટરનેશનલ પ્લાન ઓફ એકશન

◆

# શાર્કનાં સંરક્ષણ અને વ્યવસ્થાપન માટે ઇન્ટરનેશનલ પ્લાન ઓફ એકશન

◆

# માછીમારી ક્ષમતા વ્યવસ્થાપન માટે ઇન્ટરનેશનલ પ્લાન ઓફ એકશન

ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન ઓફ ધ યુનાઇટેડ નેશન્સ

રોમ, ૧૯૯૯

આ માહિતી અને પદનામ ઉપયોગ થાય છે તે અંગે યુનાઇટેડ નેશન્સ ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઇઝેશન દ્વારા કોઈપણ અભિપ્રાય અભિવ્યક્તિ હોતું નથી અને પ્રસ્તુતિ બિલકુલ કોઈ દેશ, પ્રદેશ, શહેર અથવા વિસ્તાર અથવા કાનૂની અથવા વિકાસ સ્થિતિ અને તેના સત્તાવાળાઓઅથવા તેના સીમાડા અથવા સરહદો ના સીમાંકન સંબંધિત પૂર્વગ્રહ નથી.

એમ-૪૦
ISBN ૯૨-૫-૧૦૪૩૩૨-૯

આ ડોક્યુમેન્ટ કૉપિરાઇટ છે. જેના તમામ હક એફ.એ.ઓ. પાસે અનામત છે. માલિકની પૂર્વ પરવાનગી વગરપુનઃપ્રાપ્તિ, સિસ્ટમમાં સંગ્રહકે કોઇપણ સ્વરૂપમાં અથવા મિકેનિકલ ઇલેક્ટ્રોનિક કોઈપણ માધ્યમ, ફેલાવો કે ફોટોકોપી અથવા અન્યથા, પુનઃઉત્પાદન કરી શકાય નહી. ઉપરોક્ત ડોક્યુમેન્ટનાં વપરાશ માટે પરવાનગીની અરજીdirector,Information Division, Food and Agriculture Organization of the UnitedNations, Viale delle Terme di Caracalla, 00100 Rome, Italy ખાતે કરવાની રહેશે.
© એફ.એ.ઓ. ૧૯૯૯

Translation: Ketan V Tank
*Translated and Printed by the Bay of Bengal Programme*
*Inter-Governmental Organisation*
*December 2014*

**Bay of Bengal Programme**
**Inter-Governmental Organisation**
91, Saint Mary’s Road, Abhiramapuram
Chennai - 600 018, Tamil Nadu, India
Tel: +91-44-24936294, 24936188; Fax: +91-44-24936102
Email: info@bobpigo.org; website: www.bobpigo.org

## આ દસ્તાવેજની તૈયારી

આ દસ્તાવેજ ત્રણ ઇન્ટરનેશનલ પ્લાન ઓફ એકશન (IPOA)સમાવેછે

- વાધા (લોંગ લાઈન) ફીશીંગ દરમ્યાન સમુદ્ર પક્ષીનો આકસ્મિક પકડાશ ઘટાડવા માટે IPOA
- શાર્કનાં સંરક્ષણ અને વ્યવસ્થાપન માટે IPOA
- માછીમારી ક્ષમતા વ્યવસ્થાપન માટે IPOA

COFI સભ્યો 1997 દ્વારા નક્કી કરવામાં આવ્યું કે કોડ ઓફ કન્ડક્ટ ફોર રિસ્પોન્સીબલ ફીશરીઝનાં સંબંધિત મુદ્દાઓને આધારે આંતરરાષ્ટ્રીય કરાર આધારિત મેનેજમેન્ટ માટે IPOAs વિકસાવવામાં આવ્યા હતા. જેમાં ઇન્ટરનેશનલ પ્લાન ઓફ એકશનનાં આ ત્રણ મુદ્દાઓ સ્વૈચ્છિક સૌથી મહતવનાં હતા. જેના માટે ત્રણ ડોક્યુમેન્ટ બે ઇન્ટરનેશનલ મીટીંગ દ્વારા ૧૯૯૮ મા એફ.એ.ઓ કમીટી દ્વારા નક્કી થયેલ. એફએઓ કાઉન્સિલ દ્વારા ફેબ્રુઆરી 1999 માં ફિશરીઝ પર એફએઓ સમિતિના ત્રેવીસમા સત્ર દરમ્યાન સ્વીકારવામાં આવ્યું હતું.જેને જુન ૧૯૯૯ મા બહાલી આપવામાં આવેલ હતી.

જાપાન, નોર્વે, અમેરિકા ઓફ ધ યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા તેમજ યુરોપિયન કમિશનની સરકાર દ્વારા ધિરાણ તેમજ આંતરિક બેઠક અને મોટા ભાગના પ્રારંભિક પ્રવૃત્તિઓ કરવામાં આવેલ હતી.

એફ.એ.ઓ.

વાધા (લોંગ લાઈન)
ફીશીંગદરમ્યાનસમુદ્રપક્ષીનોઆકસ્મિકપકડાશઘટાડવામાટેઇન્ટરનેશનલપ્લાનઓફએકશન.
શાર્કનાંસંરક્ષણઅનેવ્યવસ્થાપનમાટેઇન્ટરનેશનલપ્લાનઓફએકશન.
માછીમારીક્ષમતાવ્યવસ્થાપનમાટેઇન્ટરનેશનલપ્લાનઓફએકશન.

રોમ, એફ.એ.ઓ. ૧૯૯૯. 32 પી.

**સારાંશ**

આ IPOA સીબર્ડ એક સ્વૈચ્છિક સાધન છે જે વાધા (લોંગ લાઈન)ફીશીંગસંલગ્ન તમામ રાજ્યોને લાગુ પડે છે. આ ડોક્યુમેન્ટમા અનેક એવી પ્રવૃત્તિઓ છે જેનાથી આકસ્મિક કેચ શેનાથી થાય છે અને તે ઘટાડવા માટે એક રાષ્ટ્રીય યોજના અપનાવવી (NPOA-SEABIRDS), તેમજઉપરોક્ત રાષ્ટ્રીય યોજનાની સમીક્ષાઓ અને રિપોર્ટિંગ જરૂરી છે. આ યોજનાને પ્રાધાન્ય આપવા માટે કૅલેન્ડર વર્ષમા સૂચવવામાં આવે છે.

આ IPOA સીબર્ડ આપણને વાધા (લોંગ લાઈન)ફિશરીઝ દ્વારા દરિયાઇ પક્ષીઓનો આકસ્મિક કેચ કેમ ઘટાડવો તેની પણ માહિતી આપે છે. જે NPOA-સીબર્ડ માં સમાવેશ માટે વિચારવું જોઇએ. અહી વર્ણવેલ સાવચેતીનાં પગલાં પહેલેથી જ ક્યાંય ઉપયોગ થઇ ગયેલ છે અથવા તો  પ્રારંભિક તબક્કામાં છે. જેના યોગ્ય સાહિત્ય સંદર્ભો આપવામાં આવેલ છે.

આ IPOA-શાર્ક એક સ્વૈચ્છિક સાધન છે જે શાર્ક માછીમારો સંલગ્ન તમામ રાજ્યોને લાગુ પડે છે. આ ડોક્યુમેન્ટમા અનેક એવી પ્રવૃત્તિઓ છે જેનાથી આકસ્મિક કેચ શેનાથી થાય છે અને તે ઘટાડવા માટે એક રાષ્ટ્રીય યોજના અપનાવવી (NPOA-SHARKS), તેમજઉપરોક્ત રાષ્ટ્રીય યોજનાની સમીક્ષાઓ અને રિપોર્ટિંગ જરૂરી છે. આ યોજનાને પ્રાધાન્ય આપવા માટે કૅલેન્ડર વર્ષમા સૂચવવામાં આવે છે.

આ IPOA કેપેસિટી એક સ્વૈચ્છિક સાધન છે જે માછીમારો સંલગ્ન તમામ રાજ્યોને લાગુ પડે છે. જેના પ્રથમ ભાગમા ઇન્ટરનેશનલ પ્લાન ઓફ એકશનનાં સિદ્ધાંતો અને અવકાશ વર્ણવે છે અને IPOA હેતુ વ્યાખ્યાયિત કરે છે. જયારે બાકીનાં ભાગમાં તાત્કાલિક ક્રિયાઓ વર્ણવે છે અને અમલીકરણ પ્રોત્સાહન આપવા માટેની પદ્ધતિઓ સૂચવે છે. અગત્યની ક્રિયાઓની  અને આકારણી અમલીકરણ પ્રોત્સાહન આપે છે. જેમાં અગત્યની ક્રિયાઓમા  માછીમારી ક્ષમતાનાં મોનીટરીંગ અને રાષ્ટ્રીય યોજના બનાવી તેના અમલીકરણનો સમાવેશ થાય છે. ઉપરોક્ત દસ્તાવેજ માટે વૈજ્ઞાનિક લખાણ અને ટેકનિકલ સહકાર, રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય રિપોર્ટિંગ અને એફએઓ ભૂમિકા વર્ણવે છે. આ યોજનાને પ્રાધાન્ય આપવા માટે કૅલેન્ડર વર્ષમા સૂચવવામાં આવે છે.

## અનુક્રમણિકા


| | પાના ન. |
|---|---|
| વાઘા (લોંગ લાઈન)ફીશીંગ દરમ્યાન સમુદ્ર પક્ષીનો આકસ્મિક પકડાશ ઘટાડવા માટે ઇન્ટરનેશનલ પ્લાન ઓફ એકશન | ૧ |
| શાર્કનાં સંરક્ષણ અને વ્યવસ્થાપન માટે ઇન્ટરનેશનલ પ્લાન ઓફ એકશન | ૧૧ |
| માછીમારી ક્ષમતા વ્યવસ્થાપન માટે ઇન્ટરનેશનલ પ્લાન ઓફ એકશન | ૧૯ |

## વાઘા (લોંગ લાઈન)ફીશીંગ દરમ્યાન સમુદ્ર પક્ષીનો આકસ્મિક પકડાશ ઘટાડવા માટે ઇન્ટરનેશનલ પ્લાન ઓફ એકશન

### પરિચય

1. વિશ્વમાં સમુદ્ર પક્ષીઓવાઘા (લોંગ લાઈન) આકસ્મિક રીતે પકડાય છે. જેની માછીમારી ઉત્પાદકતા અને નફાકારકતાપર પ્રતિકૂળ અસર પડી શકે છે. સમુદ્ર પક્ષીઓનો વાઘા (લોંગ લાઈન) થી મૃત્યુદર ઘટાડવા માટે સરકારો સંસ્થાઓ, બિન-સરકારી સંસ્થાઓ અને કમર્શિયલ ફિશરી એસોસિએશનો દ્વારા પગલાંઓ લેવાઅનિવાર્ય છે.

2. દરિયાઇ પક્ષીઓનો આકસ્મિક પકડાશ વાઘા (લોંગ લાઈન)ની ઘણી પદ્ધતિથી થાય છે જે નીચે મુજબ છે: મહાસાગરો કેટલાક ચોક્કસ ભાગોમાં ટ્યુના, સ્વોર્ડફિશ અને બીલ ફીશ; દક્ષિણ મહાસાગરમાં પેટાગોનીયન ટુથ ફીશઅને ઉત્તર મહાસાગર (પેસિફીક અને એટલાન્ટિક ઓશન)માં હરિયો, બ્લેક કોડ, પેસિફિક કોડ, ગ્રીનલેન્ડ હરિયો, હેડોક, ટસ્કઅને લીંગ. દક્ષિણ મહાસાગરમાં મોટા ભાગે સમુદ્ર પક્ષીની અલ્બાટ્રોસિસ અને પેટ્રેલ્સ જાતિ પકડાય છે જયારે ઉત્તર પેસિફિક ફિશરીઝ માં અલ્બાટ્રોસ ગુલ, સમુદ્ર પક્ષીની પ્રજાતિઓ મહદઅંશે પકડાય છે.

3. દક્ષિણ મહાસાગરમાં માછીમારી દરમ્યાન દરિયાઇ પક્ષીઓનો આકસ્મિક કેચ ઘટાડવા માટે કન્ઝર્વેશન ફોર ધ એંટાર્કટીક મરીન લીવીંગ રિસોર્સ (CCAMLR)નાં 23 સભ્ય દેશોએસાથે મળીને ૧૯૯૨થી સાવચેતીનાં પગલાં અપનાવ્ય હતા.

4. કન્ઝર્વેશન ઓફ સાઉધર્ન બ્લ્યુફીન ટ્યુના (CCSBT)ઓસ્ટ્રેલિયા, જાપાન અને ન્યુ ઝિલેન્ડ એ ૧૯૯૪ માં બ્લ્યૂફિન ટ્યૂના પકડતીવખતે વાઘા (લોંગ લાઈન) દ્વારા કઈ રીતે સમુદ્ર પ્ક્ષિઓ પકડાય છે અને તેને કેમ ઘટાડી શકાય છે તેનો અભ્યાસ કર્યો છે અને ૧૯૯૫ માં CCSBT દરિયાઇ પક્ષીઓનો આકસ્મિક પકડાશ ઘટાડવા માટે ભલામણો કરી છે.તેમજ આ ભલામણની માહિતી અને સાવચેતીનાં પગલાંને લગતી માહિતીનો ફેલાવો કર્યો..CCSBTનાંતમામ સભ્ય રાષ્ટ્રોએ પક્ષીઓને બીક લાગે અને દુર ભાગી જાય એવા થાંભલાનો ઉપયોગ ફરજિયાતનોકર્યો છે જેથી તેનો આકસ્મિક પકડાશ ઘટાડી શકાય.

5. અમેરિકાએ પણ વાઘા (લોંગ લાઈન) દ્વારા સમુદ્ર પક્ષીનો આકસ્મિક પકડાશ ઘટાડવા માટે નિયમન માટેબેરીંગ સમુદ્ર/અલ્યુશીયન ટાપુ અને અલાસ્કાનાં અખાતમાં ગ્રાઉન્ડ ફીશની માછીમારી માટે ૧૯૯૭મા કાયદાકીય પગલા લીધેલા હતા અને હરિયાની માછીમારી માટે ૧૯૯૮મા વિવિધ કાયદાકીય પગલા લીધેલ. અમેરિકાએ હાલમાં હવાઇયન ટાપુમા વાઘા (લોંગ લાઈન) દ્વારા સમુદ્ર પક્ષીઓનો

આકસ્મિક કેચ ઘટાડવા માટે પ્રયત્નશીલ છે. અન્ય દેશોમાં પણ આજ રીતે સાવચેતીનાં પગલાં અપનાવી રહ્યા છે.

**IPOA-સીબર્ડની શરૂઆત**

6. માર્ચ 1997 માં માછીમારી સમિતિ (COFI) ના ત્રેવીસમા સત્રમા એક દરખાસ્ત એફએઓ એકનિષ્ણાત સલાહ આયોજન ને પર કરવામાં આવી હતી વાધા (લોંગ લાઈન)સમુદ્ર પક્ષીઓનો આકસ્મિક પકડાશ અને તેની વસ્તી પર સંભવિત નકારાત્મક અસરોની  જાગૃતિ માટે માર્ગદર્શિકા બનાવવામાં આવી અને તેના માટે જોઈતા વધારાના ભંડોળની વ્યવસ્થા FAO દ્વારા વધારનાં નાણા કરવામાં આવેલ હતા.

7. વાધા (લોંગ લાઈન)ફીશીંગ દરમ્યાન સમુદ્ર પક્ષીનો આકસ્મિક પકડાશ ઘટાડવા માટે ઇન્ટરનેશનલ પ્લાન ઓફ એકશન(IPOA-સીબર્ડ) એ ૨૫-૨૭ માર્ચ ૧૯૯૮[૧] નાં રોજ આ ક્ષેત્રનાં તજજ્ઞોની મીટીંગ દ્વારા તૈયાર કરવામાં આવેલ છે. તદુપરાંત શાર્કનાં સંરક્ષણ અને વ્યવસ્થાપન માટે ઇન્ટરનેશનલ પ્લાન ઓફ એકશનમાછીમારી ક્ષમતા વ્યવસ્થાપન માટેઇન્ટરનેશનલ પ્લાન ઓફ એકશન અનુક્રમે ૨૨-૨૪ જુલાઈ ૧૯૯૮[૨] અને ૨૬-૩૦ ઓક્ટોબર ૧૯૯૮[3] નાં રોજ આ ક્ષેત્રનાં તજજ્ઞોની મીટીંગ દ્વારા રોમ તૈયાર કરવામાં આવેલ છે.

**IPOA સીબર્ડનાં ગુણધર્મ અને ભવિષ્ય**

8. IPOA સીબર્ડ એ એક સ્વૈચ્છિક સાધન છે. જે કોડ ઓફ કન્ડક્ટ ફોર રિસ્પોન્સીબલ ફિશરીઝ (CCRF) નાં રીપોર્ટ મા મુદા નંબર ૨ (ડ)મા વિસ્તૃત રીતે વર્ણવેલ છે. જયારે તેનો બીજા આંતરરાષ્ટ્રીય મુદા સાથે સબંધ મુદા નંબર ૩ મા તેના અર્થઘટન અને ઉપયોગ માટે વર્ણવેલ છે. જેના અમલ માટે તમામ સંબંધિત દેશોને પ્રોત્સાહિત કરવામાં આવે છે.

9. **IPOA-**સીબર્ડ એપોતાના દેશની બોટ, વિદેશી બોટ, સમુદ્રમાં દુર સુધી ફીશીંગ કરતી બોટ અને બીજા રાજ્યનાં વિશિષ્ટ આર્થીક ઝોન **(EEZ)** મા વાધા (લોંગ લાઈન) દ્વારા માછીમારીકરતા તમામ દેશને લાગુ પડે છે.

---

[૧] વધુ વિગત માટે  "એફ.એ.ઓ.. ટેકનીકલ વર્કિંગ ગ્રુપ મીટીંગ ઓન રીડકક્શન ઓફ ઇન્સીડેન્ટલ કેચ ઓફ સી બર્ડ ઇન લોંગ લાઈન ફિશરીઝનો રિપોર્ટ"  ટોક્યો, જાપાન, ૨૫-૨૭ માર્ચ ૧૯૯૮, એફ.એ.ઓ. ફિશરીઝ રિપોર્ટ ન. ૫૮૫.

[૨] વધુ વિગત માટે "રીપોર્ટ ઓફ ધ પ્રીપેરેટરી મીટીંગ ઓફ ધ કન્સલ્ટન્ટેશન ઓન ધ મેનેજમેન્ટ ઓફ ફીશીંગ કેપેસીટી, શાર્ક ફિશરીઝ એન્ડ ઇન્સીડેન્ટલ કેચ ઓફ સી બર્ડ ઇન લોંગ લાઈન ફિશરીઝ " રોમ, ઇટલી, ૨૨-૨૪ જુલાઈ ૧૯૯૮. એફ.એ.ઓ. ફીશરીઝ રિપોર્ટ ન. ૫૮૪.

[3] વધુ વિગત માટે "આ ડોક્યુમેન્ટ મા સ્ટેટ નો અર્થ એફ.એ.ઓ. નાં મેમ્બર અને મેમ્બર ન હોય એમ બન્ને થાય છે. મ્યુટેટીસ મ્યુટેન્ડીસ પણ સ્ટેટ્સથી અલગ ફીશીંગ કંપની કે મેમ્બર થાય છે.

**IPOA-સીબર્ડની હેતુ**

10. કોડ ઓફ કન્ડક્ટ ફોર રિસ્પોન્સીબલ ફિશરીઝ (CCRF) નાં રીપોર્ટ મા મુદા નંબર ૭.૬.૯. અને ૮.૫ નો મદદ લઇ વાધા (લોંગ લાઈન) ફીશીંગ દરમ્યાન સમુદ્ર પક્ષીનો આકસ્મિક પકડાશ ઘટાડવા માટેબનાવવામાં આવેલ છે.

**IPOA-સીબર્ડની અમલવારી**

11. IPOA-સીબર્ડનાં અમલીકરણ માટે વિવિધ દેશોમાં અનેકવિધપ્રવૃત્તિઓ હાથ ધરવી જોઈએ.જે આંતરરાષ્ટ્રીય સંસ્થાઓનાં પ્રયત્ન અને જોડાણથીશક્ય બને છે.ઉપરોક્ત પ્રવૃત્તિઓનાં પરિણામ દ્વારા એક એક્શન પ્લાન બનાવી તેને વિવિધ દેશોમાં ઉપયોગ કરી દરિયાઇ પક્ષીઓનો આકસ્મિક પકડાશ ઘટાડી શકાય છે.

12. દરેક દેશોએ વાધા (લોંગ લાઈન) દ્વારા સમુદ્ર પક્ષીના આકસ્મિક પકડાશની સમસ્યાની તપાસ કરવી જોઈએ.જો આવી કોઈ સમસ્યા હોય તો તેના માટે વાધા (લોંગ લાઈન) ફીશીંગ દરમ્યાન સમુદ્ર પક્ષીનો આકસ્મિક પકડાશ ઘટાડવા માટે નેશનલ પ્લાન ઓફ એકશન(NPOA-સીબર્ડ) અપનાવવો જોઈએ. (આવા નેશનલ પ્લાન બનાવવા માટે દરમ્યાન સમુદ્ર પક્ષીનો આકસ્મિક પકડાશ ઘટાડવા માટે નેશનલ પ્લાન ઓફ એકશન ટેકનીકલ ડોક્યુમેન્ટ નીચે સામેલ છે.) જે એક પ્રાદેશિક પગલું છે. NPOA-સીબર્ડનાં અમલીકરણ માટે FAO દ્વારાનિષ્ણાતના યાદીટેકનિકલ સહાય પૂરી પાડવી જોઇએ.

13. જે દેશ NPOA-સીબર્ડ લાગુ પાડવા ઇચ્છતા હોય તેણે પોતાના વિસ્તારમા ઉપયોગ થતી વાધા (લોંગ લાઈન) નો અભ્યાસ અને તેન ભવિષ્યમા કઈ રીતે આગળ વધારી શકાય અથવા નવી પદ્ધતિનો અભ્યાસ જરૂરી છે. જેમાં વાધા (લોંગ લાઈન) સતત દેખરેખ અને તેમાં આવતી પ્રોબ્લમનેપેરેગ્રાફ ૧૨ દ્વારા નિરાકરણ કરી શકાય અને બે વર્ષની અંદર એક NPOA-સીબર્ડ અમલમા મુકવું જોઈએ.

14. NPOA-સીબર્ડ આ આકારણી દરેક સંબંધિત દેશનો સમાવેશ કરવો જોઇએ.

15. દરેક રાજ્ય તેના NPOA-સીબર્ડ ડિઝાઇન, અમલીકરણ અને મોનીટરીંગ માટેજવાબદાર છે.

16. પ્રત્યેક રાજ્યની વાધા (લોંગ લાઇન) ફિશરી અલગઅલગ છે અને જેના માટે અલગથી સાવચેતીનાં પગલાં લેવા જરૂરી છે. ટેકનિકલ અને ઓપરેશનલ સાવચેતીનાં પગલાં ઘણી જગ્યાએ ઉપયોગ અથવા પ્રાયોગિક ધોરણે હાલમાં ચાલુ છે. વિવિધ દેશો દ્વારા વિકસાવવામાં આવેલ સાવચેતીનાં પગલાં આ દસ્તાવેજનાં અંતે સામેલ છે. (દરિયાઇ પક્ષીઓનો આકસ્મિક પકડાશ ઘટાડવા માટે નેશનલ પ્લાન ઓફ એક્શન પર ટેકનિકલ નોંધમા સમાવેશ થયેલ છે). ઉપરોક્ત માહિતી દેશના અધિકારો પર કોઇપણ

જાતની પ્રતિકૂળ અસર પહોંચાડવી નથી.હાલમાં વપરાતા કે પ્રાયોગિક ધોરણ ઉપયોગ થતા સાવચેતીના પગલાનુ વર્ણન અને ચર્ચા એફએઓનાં ફિશરીઝ સર્ક્યુલર નં 937 માં કરેલ છે.

17. દરેક દેશેCOFI નાં ૨૦૦૧ નાં સત્ર પહેલા NPOA-સીબર્ડ અમલીકરણ શરૂ કરી દેવું જોઈએ.

18.NPOA-સીબર્ડનુ મૂલ્યાંકન દરેક દેશે ઓછા ખર્ચે અને નિયમિત રીતે ઓછામાં ઓછા દર ચાર વર્ષે કરવું જોઈએ.

19.દરેક દેશે પોતાના રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કાયદાને ધ્યાને લઇ તેને સુસંગત એવા પ્રાદેશિક અને પેટાપ્રદેશ ફિશરીઝ સંગઠનો અથવા તેનો સહકાર લઇ વાધા (લોંગ લાઈન) દ્વારા દરિયાઇ પક્ષીઓનો આકસ્મિક કેચ ઘટાડવા જોઈએ.

20. આ IPOA-સીબર્ડનાં અમલીકરણ માટે દરેક દેશનાં સહકારથી વાધા (લોંગ લાઈન) દ્વારા દરિયાઇ પક્ષીઓનો આકસ્મિક કેચ ઘટાડી શકાય છે. દરેક દેશે એફએઓ સાથે મળીને દ્વિપક્ષી અને બહુપક્ષી વ્યવસ્થા મારફતે સંશોધન, તાલીમ અને માહિતી એકઠી કરી માહિતી પુસ્તિકા બનાવવી જોઈએ.

21. દરેક રાજ્યએ **NPOA**-સીબર્ડ આકારણી, વિકાસ અને અમલીકરણની પ્રગતિનો દ્વિવાર્ષિક અહેવાલ એફએઓનાં કોડ ઓફ કન્ડક્ટ ફોર રિસ્પોન્સીબલ ફિશરીઝને આપવાનો રહેશે.

**એફએઓની ભૂમિકા**

22. IPOA-સીબર્ડ અમલીકરણ માટે દરેક દેશને એફ.એ.ઓ.ની કોન્ફરન્સ જેવી નિયમિત પ્રવૃત્તિઓ દ્વારા મદદ કરવામાં આવશે.

23. એફએઓ દરેક દેશને કોન્ફરન્સ સમયે NPOA-સીબર્ડનાં અમલીકરણ અને વિકાસ માટે સમયાંતરે ટેકનીકલ માહિતી અને જરૂરી ભંડોળ પૂરું પાડે છે.

24. દરેક દેશ એફએઓને COFI દ્વારા IPOA-સીબર્ડ અમલીકરણ પ્રગતિ વિશેદ્વિવાર્ષિક અહેવાલ પુરો પડવાનો રહેશે.

## વાઘા (લોંગ લાઈન) ફીશીંગ દરમ્યાન સમુદ્ર પક્ષીનો આકસ્મિક પકડાશ ઘટાડવા માટે નેશનલ પ્લાન ઓફ એકશન વિકસાવવા માટેની ટેકનીકલ નોંધ (NPOA-સીબર્ડ)

NPOA-સીબર્ડ એ ફક્ત માર્ગદર્શિકા છે જેમાં બધીજ બાબતનો સમાવેશ થાય એવું જરૂરી નથી થતો.

આ **NPOA**-સીબર્ડ દરેક રાજ્યએ વાઘા (લોંગ લાઈન) ફીશીંગ દરમ્યાનસમુદ્ર પક્ષીનો આકસ્મિક પકડાશ ઘટાડવાએક્શન પ્લાન બનાવવો, તેનું અમલીકરણ અને તેનું મોનીટરીંગકરવું જરૂરી છે.

### I.NPOA-સીબર્ડનુમૂલ્યાંકન

1. આ મૂલ્યાંકનનો મૂળ હેતુ જ્યાં ફીશીંગ દરમ્યાન સમુદ્ર પક્ષીનો આકસ્મિક પકડાશ ઘટાડવા માટે છે.
2. આ આકારણીમા ફક્ત સંકલન અને પૃથક્કરણ પુરતું માર્યાદિત નથી પરંતુ:
    - NPOA-સીબર્ડ જરૂરી મૂલ્યાંકન કરવા માટેનો માપદંડ છે.
    - ફીશીંગ બોટની માહિતી (સાઇઝને આધારે ફીશીંગ બોટની સંખ્યા)
    - ફીશીંગનાં પ્રકારની માહિતી
    - ફીશીંગનો વિસ્તાર
    - ફીશીંગ કરવા જતા વાઘા (લોંગ લાઈન) નો પ્રકાર (સીઝન, પ્રજાતિઓ, હુકની સંખ્યા/વર્ષ/ફિશરી)
    - જો જાણતા હોત તો માછીમારી વિસ્તારોમાં દરિયાઇ પક્ષીની વસ્તી
    - દર વર્ષે કુલ કેટલા પક્ષી આકસ્મિક રીતે પકડાય છે (પક્ષીની સંખ્યા પ્રતિ ૧૦૦૦ હુક/પ્રજાતિ/વાઘા (લોંગ લાઈન) ફીશરી)
    - હાલમાં સમુદ્ર પક્ષીનો આકસ્મિક પકડાશ ઘટાડવા કોઈ અસરકારક ઉપાય ઉપયોગમા હોય તો તેની વિગત
    - સમુદ્ર પક્ષીઓનો આકસ્મિક પકડાશની દેખરેખ માટે હાલમાં કોઈ કાર્યક્રમ ચાલુ હોય તેની વિગત (નિરીક્ષક કાર્યક્રમ, વગેરે)
    - NPOA-સીબર્ડનાં અમલીકરણ માટે કોઈ તારણો અને નિવેદન વિકાસાવેલ હોય તો તેની વિગત

### II.NPOA-સીબર્ડ

આ NPOA-સીબર્ડ નીચે મુજબનાં મુદાઓનો સમાવેશ થઇ શકે છે:

### 1. NPOA-સીબર્ડ માટે સાવચેતીના પગલા

NPOA-સીબર્ડ યોગ્ય સાવચેતીના પગલા હોવા જરૂરી છે. જે કાર્યક્ષમ અને ઓછા ખર્ચાળ હોવા જરૂરી છે. સાવચેતીનાં પગલાં જો અસરકારક હોય તો તેનો ફાયદો દરેક દેશને થઇ શકે. જેને એક કે બીજી પદ્ધતિનાં સંયોજન કરી વાઘા (લોંગ લાઇન) ફીશરી માટે ફાયદાકારક બનાવી શકાય છે.

**2. NPOA-સીબર્ડ:સંશોધન અને વિકાસ**

NPOA-સીબર્ડ સંશોધન અને વિકાસ માટે પ્લાન બનાવવો જોઈએ, જેનો હેતુ નીચે મુજબ છે.: (૧) વધુ વ્યવહારુ અને અસરકારક દરિયાઇ પક્ષી પ્રતિબંધક ઉપકરણનો વિકાસ; (૨) દરિયાઇ પક્ષીઓનો આકસ્મિક પકડાશ ઘટાડવા અન્ય ટેકનોલોજી અને પ્રયાસોનો ઉપયોગ અને (૩) આ સમસ્યાનાં ઉકેલ માટે ચોક્કસ સંશોધન હાથ ધરી યોગ્ય સાવચેતીનાં પગલાં લેવા જરૂરી છે.

**3. NPOA-સીબર્ડ:શિક્ષણ, તાલીમ અને પ્રચાર**

આ NPOA-સીબર્ડ વાઘા (લોંગ લાઈન) દ્વારા દરિયાઇ પક્ષીઓનો આકસ્મિક પકડાશ ઘટાડવા માટે માછીમારો, માછીમારી એસોસિએશનો અને અન્ય સંબંધિત જૂથોમા જાગૃતિ વધારવા માટે છે; નેશનલ અને ઇન્ટરનેશનલ પ્લાન ઓફ એક્શન દ્વારા સમુદ્ર પક્ષીઓનો આકસ્મિક પકડાશ ઘટાડવાની માહિતી માટે જરૂરી; અને રાષ્ટ્રીય ઉદ્યોગ, સંશોધન અને તેના પોતાના વહીવટ વચ્ચે NPOA-સીબર્ડ અમલીકરણ પ્રોત્સાહન આપવા માટે જરૂરી છે.

સમુદ્ર પક્ષીઓનો આકસ્મિક પકડાશ ઘટાડવા માટે ટેકનિકલ અથવા નાણાકીય સહાય વિશે માહિતી પૂરી પાડે છે.

ઉપરોક્ત એક્શન પ્લાનમા તેની રચના અને અમલીકરણ માટેમાછીમારો, ફીશીંગ નેટ અને મેનેજમેન્ટને લગતા વૈજ્ઞાનિકો, દરિયાઇ આર્કિટેક્ટ્સ, જહાજ બનાવનાર, અને મત્સ્ય સંરક્ષણવાદીઓ અને  અન્ય રસ ધરાવતા સભ્યો માટેની માહિતીનો સમાવેશ કરી શકાય. આ કાર્યક્રમોનો ઉદેશ્ય  સમુદ્ર પક્ષીઓનોઆકસ્મિક પકડાશ ઘટાડવા માટે ઉપયોગી સાવચેતીના પગલા લેવા માટે છે. જેની માહિતી શૈક્ષણિક અભ્યાસક્રમ અને  વિડિઓઝ, હેન્ડબુક, બ્રોશરો અને પોસ્ટરો દ્વારામાર્ગદર્શન આપી પ્રચારિત કરવા જોઈએ. આ કાર્યક્રમમા સંરક્ષણ અને આર્થીક લાભ  બંને પાસાઓનો સમાવેશ થાય છે જેથી સમુદ્ર પક્ષીઓનો આકસ્મિક પકડાશ ઘટાડી શકાય.

**4. NPOA-સીબર્ડ માહિતી એકત્રીકરણ**

ડેટા કલેકશન કાર્યક્રમ દ્વારા વિશ્વસનીય ડેટા એકઠા કરી અને યોગ્ય સાવચેતીના પગલાનો ઉપયોગ કરી સમુદ્ર પક્ષીઓનો આકસ્મિક પકડાશ ઘટાડી શકાય છે. જે માટે માછીમારી દરમ્યાન તેના ડેટા એકઠા કરવા જરૂરી છે.

**વાઘા (લોંગ લાઈન) ફીશીંગ દરમ્યાન સમુદ્ર પક્ષીનો આકસ્મિક પકડાશ ઘટાડવા માટે કેટલાક વૈકલ્પિક ટેક્નિકલ અને કાર્યકારી પગલાં માટેનીટેકનીકલ નોંધ**

**I. પરિચય**

સમુદ્ર પક્ષીઓનો આકસ્મિક કેચ ઘટાડવા માટે સમુદ્ર પક્ષી અને હુક્સ વચ્ચેનો સંપર્ક ઘટાડવા માટે જરૂરી છે.

દરેકપગલાંની અસરકારકતા અને માછીમારોને થતા ખર્ચ ટૂંકમાં રજૂ કરવા જોઈએ. જેમાં "અસરકારકતા" નો અર્થ સમુદ્ર પક્ષીઓનો આકસ્મિક પકડાશ ઘટાડવો અને "ખર્ચ " નો અર્થ પ્રારંભિક ખર્ચ અથવા રોકાણ અને અન્ય ઓપરેશનલ ખર્ચ થાય છે.

હાલ નવા ટેકનિકલ વિકલ્પો વિકસાવવામાં આવી રહ્યા છે જેથી સમય જતા તેનો પણ આ એક્શન પ્લાનમા સમાવેશ કરી શકાય અને વધુ સારી રીતે સમુદ્ર પક્ષીનો આકસ્મિક પકડાશ ઘટાડી શકાય.

વાઘા (લોંગ લાઈન) દ્વારા સમુદ્ર પક્ષીઓનો આકસ્મિક પકડાશ ઘટાડવા સાવચેતીનાં પગલાંની અસરકારકતા; અન્ય સાવચેતીનાં પગલાં અથવા ઉપકરણોનાં સંયોજન દ્વારા સુધારી શકાય છે, જેથી તે દરેક રાજ્યને ફાયદાકારક થાય.

નીચે દર્શાવેલ યાદી ફરજિયાત અથવા વ્યાપક છેજેનો નવો ડેટા બેઝ એફ.એ.ઓ.વિકસાવશે.

**II. ટેકનીકલ પગલાઓ**

**1. હુકનાં વજનમાં વધારો**

અ) વાઘા (લોંગ લાઈન)નાં વજનમાં વધારો કરવો

સિધ્ધાંત: વાઘા (લોંગ લાઈન)નાં વજનમાં વધારોકરવાથી હુક ઝડપથી ડૂબે છે જેથી પક્ષીઓનો આકસ્મિક પકડાશ ઘટે છે.

અસરકારકતા: આ પ્રયત્ન ખુબ જ અસરકારક છે.

ખર્ચ: ખરીદી સમયે તેના ખર્ચમાં થોડો વધારો થાય છે જેથી વજન વધારવા કોઈ અન્ય વિકલ્પ શોધવો જોઈએ.

બ)શિકારને લલચાવવા ઠંડો ચારો મુકવો

સિધ્ધાંત:: શિકારને લલચાવવા મુકેલ ચારો જો ઠંડો હોય તો તે ઝડપથી ડૂબી જાય છે અથવા તેમાં ચારા (માછલી)મા રહેલ પોટો ફોડી નાખવામાં આવે તો તે ઝડપથી પાણીમાં જતું રહે છે.

અસરકારકતા: સમુદ્ર પક્ષીનો આકસ્મિક પકડાશ ઘટે છે અને જયારે માછલીનો પોટો ફોડી નાખવામાં આવે ત્યારે તે પણ ઝડપથી પાણીમાં ડૂબી જાય છે.
ખર્ચ: ચારાને ઠંડું કરવા અને પોટાને તોડવાનો ખર્ચ વધી જાય છે.

ક) મશીન દ્વારા વાઘા (લોંગ લાઈન) વાપરવી
સિધ્ધાંત: મશીન દ્વારા વાઘા (લોંગ લાઈન) ઝડપથી સમુદ્રમા ગોઠવી શકાય છે. જેથી સમુદ્ર પક્ષીઓ હુકમાં અટવાઈ નથી જતા.
અસરકારકતા: મશીન દ્વારા વાઘા (લોંગ લાઈન) ઝડપથી ડૂબી જાય છે જે અસરકારક છે.
ખર્ચ: શરૂઆતમાં વાઘા (લોંગ લાઈન) માટે મશીન ખરીદવા રોકાણ કરવું અનીવાર્ય છે.

**2. પાણીની અંદર જ વાઘા (લોંગ લાઈન) સેટ કરી શકાય તેવા મશીનનો વપરાશ**

સિધ્ધાંત: પાણીની અંદર જ વાઘા (લોંગ લાઈન) સેટ કરી શકાય તેવા મશીનનો વપરાશ કરી શકાય છે પરંતુ હજી તેની અસરકારકતા વધારવા માટે સંશોધન હેઠળ છે.
ખર્ચ: શરૂઆતમાં વાઘા (લોંગ લાઈન) માટે મશીન ખરીદવા રોકાણ કરવું અનીવાર્ય છે.

**૩.વાઘા (લોંગ લાઇન) વપરાય તે વિસ્તારમાં પક્ષીઓ ડરી જાય તેવી દોરીનો ઉપયોગ**
સિધ્ધાંત: જ્યાં વાઘા (લોંગ લાઇન) વપરાય તે વિસ્તારમાં પક્ષીઓ ડરી જાય તેવી દોરી વાપરવાથી સમુદ્ર પક્ષીઓ હુકમા ફસાતા નથી. જેની ડીઝાઈન દરેક બોટ અને જગ્યાએ અલગ અલગ હોય છે.
અસરકારકતા: ઘણા બધા પ્રયોગોને અંતે એવો નિષ્કર્ષ આવ્યો કે જો વ્યવસ્થિત રીતે વાપરવામાં આવે તો આ પગલા અસરકારક છે.
ખર્ચ: પક્ષીઓ ડરી જાય તેવી દોરી ખરીદવા અને સેટ કરવા ખુબ જ ઓછુ રોકાણ કરવું પડે છે.

**4. બેઈટ કાસ્ટિંગ મશીન**
સિધ્ધાંત: સમુદ્ર પક્ષી ડરી જાય તેવી દોરી લગાડી અને બોટના અવાજથી પક્ષીઓ ને દુર ભગાવવા.
અસરકારકતા: આવા બેઈટ કાસ્ટિંગ મશીન હજી પ્રાયોગિક ધોરણે વપરાય છે. તેને જો સમુદ્ર પક્ષી ડરી જાય તેવી દોરી વગર વાપરવામાં આવે તો તે અસરકારક નથી અને જો દોરી વગર કેમ વાપરવું એ પ્રાયોગિક ધોરણે છે.
ખર્ચ: બેઈટ કાસ્ટિંગ મશીન ખરીદવા ખુબ જ વધુ રોકાણ કરવું પડે છે.

**5. સમુદ્ર પક્ષીઓ ડરી જાય એવા પડદાનો ઉપયોગ**
સિધ્ધાંત: સમુદ્ર પક્ષીઓ ડરી જાય એવા પડદાનો ઉપયોગ કરવાથી તેનો આકસ્મિક પકડાશ ઘટાડી શકાય છે.

અસરકારકતા: આવા પડદાના ઉપયોગથી સમુદ્ર પક્ષીઓનો આકસ્મિક પકડાશ ઘટાડી શકાય છે.
ખર્ચ: ખુબ જ ઓછા ખર્ચ સારો ઉપાય છે.

**6.માછલી પકડવા માટે જીગ (કૃત્રિમ ચારો)**

સિધ્ધાંત: માછલી પકડવા માટે જીગ (કૃત્રિમ ચારો)થી સમુદ્ર પક્ષીઓ આકર્ષિત થતા નથી.

અસરકારકતા: નવા બનાવટી ચારા હજી પ્રાયોગિક ધોરણે વપરાય છે.
ખર્ચ: ખર્ચ વિશે માહિતી નથી.

**7. હુકની ડીઝાઈનમા ફેરફાર**

સિધ્ધાંત: સમુદ્ર પક્ષીઓ ચારાવાળા હુકને ખાવાનો પ્રયત્ન કરે અને તેમાં ફસાય જાય છે જેથી હુકની ડીઝાઈનમા ફેરફાર કરવો આવશ્યક છે.

અસરકારકતા: નવી હુકની ડીઝાઈનનાં ઉપયોગ વિશે પુરતી માહિતી નથી.
ખર્ચ: ખર્ચ વિશે માહિતી નથી.

**8. ધ્વની પ્રતિબંધક**

સિધ્ધાંત: ધ્વનિના તરંગો જેવા કે લાઉડ સ્પીકર કે ભયાનક અવાજથી સમુદ્ર પક્ષીઓને ડરાવી તેને દુર ભગવવામાં આવે છે.
અસરકારકતા: સમુદ્ર પક્ષીઓ આવા અવાજોથી ટેવાઈ ગયા છે જેથી અસરકારક નથી.
ખર્ચ: ખર્ચ વિશે માહિતી નથી.

**9.પાણીનાં ધોધમા હુક સેટ કરવા**

સિધ્ધાંત: પ્રેસરથી પાણીનો ધોધ છોડવાનો જેમાં હુકને સેટ કરવાના
અસરકારકતા: તેના ઉપર કોઈપણ જાતનું તારણ કાઢી શકાય નહી.
ખર્ચ: ખર્ચ વિશે માહિતી નથી.

**10. ચુંબકીય પ્રતિબંધક:**

સિધ્ધાંત: ચુંબકીય ક્ષેત્ર ઉત્પન્ન કરવાથી તે જગ્યાએ પક્ષીઓ આવતા નથી.
અસરકારકતા: તેના ઉપર કોઈપણ જાતનું તારણ કાઢી શકાય નહી.
ખર્ચ: ખર્ચ વિશે માહિતી નથી.

**III.વાધા (લૌંગ લાઇન) નાં ઉપયોગ દરમ્યાન સાવચેતીના પગલા**

**1. વાધા (લૌંગ લાઇન) ની દૃશ્યતા ઘટાડવી (રાત્રે સેટ કરવી)**

સિધ્ધાંત: જયારે ઓછો પ્રકાશ હોય ત્યારે વાધા (લૌંગ લાઇન)સેટ કરવા જેથી પક્ષી તેને જોઈ ન શકે અને તેનો આકસ્મિક પકડાશ અટકે.

અસરકારકતા: આ પદ્ધતિ ખુબ જ અસરકારક છે. પરંતુ તેની અસરકારકતા માછીમારીની જગ્યા અને સમુદ્ર પક્ષીની પ્રજાતિ પર નિર્ભર છે. પૂનમ દરમ્યાન તેની અસરકારકતા ઘટે છે.

ખર્ચ: ઓછા પ્રકાશથી માછલીનાં કેચમા ફેરફાર થાય છે. જયારે બોટમાં લાઇટ લગાડવા માટે નજીવો ખર્ચ થાય છે.

**2. સમુદ્ર પક્ષી આકર્ષાય તેવી રીતે બોટમાંથી કૂટો ન ફેંકવો**

સિધ્ધાંત: સમુદ્ર પક્ષી આકર્ષાય તેવી બોટનો વપરાશ ઘટાડવાથી સમુદ્ર પક્ષીનો આકસ્મિક પકડાશ ઘટે છે. બોટમાંથી કૂટો કે કચરો સમુદ્ર પક્ષીઓને ઓછું નુકશાન થાય એ રીતે સમુદ્રમા નાખવા. કુટામા પણ હુક ન જાય તેનો ખ્યાલ રાખવો. કૂટો છે એ ફીશીંગ કરીને પાછા આવતા હોય ત્યારે નાખવો કે રાત્રે નાખવો. પરંતુ જો કૂટો ફીશીંગ દરમ્યાન નાખવો આવશ્યક હોય તો જે સાઈડ હુક સેટ કર્યા હોય તેની વિરુધ દિશામાં નાખવા.

અસરકારકતા: ઉપરોક્ત બાબતની અસરકારકતામા વિરોધાભાસ જોવા મળે છે.

ખર્ચ: ખર્ચ ખુબ જ ઓછો થાય છે. પરંતુ કૂટો કઈ રીતે ફેંકો છો એના પર પણ ઘણું આધાર રાખે છે.

**3. ફીશીંગ બાન (પ્રતિબંધક)**

સિધ્ધાંત: સમુદ્ર પક્ષીઓ પ્રજનન ઋતુ કે ચારો શોધતા હોય ત્યારે તેનો આકસ્મિક  પકડાશ ઘટાડી શકાય છે.

અસરકારકતા: ખુબ જ અસરકારક છે. (ફીશીંગ બોટ ન આવવાને લીધે તેની પ્રજનન ઋતુ દરમ્યાન તેને ખોરાક શોધવામાં ઓછો સમય લાગે અને તેના બચ્ચાની સારસંભાળ લઇ શકે.)

ખર્ચ: ખર્ચ વિશે માહિતી નથી.

**4. તેવા જ માછીમારને લાયસન્સ આપવું જોઈએ જે સમુદ્ર પક્ષીનો પકડાશ ઘટાડવા સાવચેતીના પગલાનો ઉપયોગ કરે**

સિધ્ધાંત:  સાવચેતીના પગલા લે એવા માછીમારોને લાયસન્સ આપવાથી સમુદ્ર પક્ષીના આકસ્મિક પકડાશની દેખરેખની જરૂર નથી.

અસરકારકતા: આ ખુબ જ અસરકારક હોય શકે.

ખર્ચ: ખર્ચ વિશે માહિતી નથી.

### 5. પકડાયેલા જીવિત સમુદ્ર પક્ષીઓને છોડી દેવા

સિધ્ધાંત: જયારે કોઈ સમુદ્ર પક્ષી હુક મા ફસાઈ ગયેલ હોય અને તેને બોટ પર લાવવામાં આવે ત્યારે જો એ જીવિત હોય તો તેને હુકમથી કાઢી મુક્ત કરવું પરંતુ તેને નુકશાન થાય એવું ન કરવું.
અસરકારકતા: આ પદ્ધતિની અસરકારકતા કેટલા સમુદ્ર પક્ષી હુકમાં જીવતા આવે છે તેના ઉપર આધાર રાખે છે.
ખર્ચ: ખર્ચ વિશે માહિતી નથી.

## શાર્કનાં સંરક્ષણ અને વ્યવસ્થાપન માટે ઇન્ટરનેશનલ પ્લાન ઓફ એકશન

### પરિચય

1. સદીઓથી પરમપરાગત રીતે  માછીમારો દરિયાકિનારાના વિસ્તારમાંથી   શાર્કનો શિકાર કરવામાં આવતો અને હાલ પણ અમુક વિસ્તારમાં કરવામાં આવે છે. પરંતુ, તાજેતરમા તેની બીજા દેશના માર્કેટમા માંગ વધતા  સમુદ્રમાં દુર સુધી જઈને આધુનિક ઉપકરણો વાપરી શાર્કનો શિકાર કરવામાં આવે છે.

2. શાર્કનાં  પકડાશમાં વધારો થવાથી વિશ્વના અનેક સમુદ્રોના કેટલાક વિસ્તારોમાં ઘણી શાર્કની પ્રજાતિઓ ઘટતી જાય છે જે ચિંતાજનક વિષય છે.  પરંતુ પકડાશ પછી શાર્કની વસ્તીમાં વધારો નથી થતો. (કારણ કે શાર્કમાં જાતીય પરિપક્વતા મોદી આવે છે, ઓછા બચ્ચાને જન્મ આપે છે જેનો મૃત્યુદર પણ ખુબ વધારે છે) અને જટિલ જીવનચક્ર (કદ / સેક્સ ઓળખાણ અને મોસમી સ્થળાંતર).

3. હાલના શાર્ક વિશેના પકડાશનાં, માછીમારી અને તેના વેપાર તેમજ તેની જીવ વિજ્ઞાન અને જૈવિક ચક્ર વિશે ખુબ જ ઓછી માહિતી છે જેથી તેના અભાવે સંરક્ષણ અને શાર્ક મેનેજમેન્ટમા મોટી  સમસ્યાઓ ઉદભવે છે. ઉપરોક્ત સંશોધન અને મેનેજમેન્ટ માટે માહિતી એકઠી કરવા માટે પર્યાપ્ત ભંડોળ જરૂરી છે.

4. હાલની સમસ્યાને જોતા શાર્કના પકડાશને મેનેજ કરવા તેનો પકડાશ અને કુટામા તેનું પ્રમાણ ઘટાડવું જોઈએ. જેના માટે તાત્કાલિક પગલા અત્યંત જરૂરી છે.

5. અમુક દેશોમાં શાર્કનાં પકડાશ માટે ચોક્કસ વ્યવસ્થાપન યોજના હોય છે જે અંતર્ગત શાર્કના નિયંત્રણ, શાર્ક સંપૂર્ણ ઉપયોગ, શાર્ક કુટામા  ઘટાડો અને તે આધાર વ્યૂહરચના ઘડી ટેકનિકલ પગલાં લેવામાં આવે છે. પરંતુ શાર્ક સમુદ્રના વિવિધ વિસ્તામાં સ્થળાંતર કરે છે જેથી તેના મેનેજમેન્ટ માટે

આંતરરાષ્ટ્રીય સહકાર અને સંકલન જરૂરી છે હાલમા ઘણા અસરકારક પગલા દ્વારા  શાર્કનો પકડાશનાં મેનેજમેન્ટ થાય છે.

6. હાલમાં ધ ઇન્ટર અમેરિકન ટ્રોપિકલ ટ્યુના કમિશન, ઇન્ટરનેશનલ કાઉન્સીલ ફોર એક્સ્પ્લોરેશન ઓફ ધ સી, ધ ઇન્ટરનેશનલ કમીશન ફોર ધ કન્ઝર્વેશન ઓફ એટલાન્ટિક ટ્યુનાં, ધ સબ-રીઝીઓનાલ ફિશરીઝ કમિશન ઓફ વેસ્ટ આફ્રિકન સ્ટેટ્સ, ધ લેટિન અમેરિકન ઓર્ગેનાઈઝેશન ઓફ ફીશરી ડેવલપમેન્ટ, ધ ઇન્ડીયન ઓશન ટ્યુનાં કમિશન, ધ કમિશન ફોર ધ કન્ઝર્વેશન ઓફ સાઉથર્ન બ્લ્યૂફિન ટ્યૂના અને ધ ઓશીએનીક ફિશરીઝ પ્રોગ્રામ ઓફ ધ પેસેફિક કમ્યુનિટી જેવી યોજનાઓ દ્વારા શાર્કનાં પકડાશની માહિતી એકઠી કરી તેના મેનેજમેન્ટનુ કામ  શરૂ કર્યું  છે.

7.શાર્કનાં પકડાશથી તે વિસ્તારમાં થતી તેની સંભવિત નકારાત્મક અસરો ચીંતાજનક છે. જે વિશેનીનોંધ માર્ચ ૧૯૯૭ મા એફએઓ દ્વારા યોજાયેલ ફિશરીઝ સમિતિ (COFI)નાં બાવીસમાં સત્રમાં નિષ્ણાત સલાહ લઇ અને વધારાનું ભંડોળ  આપી અને આવતા સત્રમાં શાર્કના સરક્ષણ અને વ્યવસ્થાપન માટે માર્ગદર્શિકા વિકસાવવાનું નક્કી થયું.

8. શાર્કનાં સંરક્ષણ અને વ્યવસ્થાપન માટે  ઇન્ટરનેશનલ પ્લાન ઓફ એક્શન(IPOA-શાર્ક્સ) શાર્કના સરક્ષણ અને મેનેજમેન્ટ માટે ૨૩-૨૭ અપ્રિલ ૧૯૮૪ ટોક્યો ખાતે રચના કરેલ[૪]. જયારે માછીમારી ક્ષમતા વ્યવસ્થાપન માટે  ઇન્ટરનેશનલ પ્લાન ઓફ એકશન રોમ ખાતે ૨૬-૩૦ ઓક્ટોબર ૧૯૯૯ જયારે વાધા (લોંગ લાઈન) દ્વારા સમુદ્ર પક્ષીના આકસ્મિક પકડાશ ઘટાડવા માટે ઇન્ટરનેશનલ પ્લાન ઓફ એક્શન ૨૨-૨૪ જુલાઈ ૧૯૮૫ ની રચના કરેલ છે[૫].

9. IPOA-શાર્કના ગુણધર્મ અને ભવિષ્ય, સિધ્ધાંત, હેતુ અને તેના અમલીકરણ માટેની પ્રક્રિયા દર્શાવેલ છે

**IPOA-શાર્કનાં ગુણધર્મ અને ભવિષ્ય**

10. IPOA-શાર્ક એ સ્વૈચ્છીક છે ફરજીયાત નથી. તેને કોડ ઓફ કન્ડક્ટ ઓફ રિસ્પોન્સીબલ ફિશરીઝનાં આર્ટીકલ ન. ૨ (ડ) ઉપરથી બનાવવામાં આવ્યા છે. જયારે આર્ટીકલ ન. ૩ એ તેનો બીજા આંતરરાષ્ટ્રિય સંસ્થા સાથે સબંધને દર્શાવે છે. બધા દેશો IPOA-શાર્ક અપનાવે તે માટે તેને પ્રોત્સાહિત કરવામાં આવે છે.

---

[૪] વધુ વિગત માટે: એફ.એ.ઓ. ટેકનીકલ વર્કિંગ ગ્રુપનો શાર્કના સરક્ષણ અને મેનેજમેન્ટનો રીપોર્ટ, ટોક્યો, જાપાન, ૨૩-૨૭ એપ્રિલ, ૧૯૯૮. એફ.એ.ઓ. રીપોર્ટ ન. ૫૮૩.

[૫]વધુ વિગત માટે: માછીમારી ક્ષમતા વ્યવસ્થાપન, શાર્ક ફિશરીઝ અને વાધા (લોંગ લાઈન) દ્વારા સમુદ્ર પક્ષીનો આકસ્મિક પકડાશ, રોમ, ઈટાલી, ૨૨-૨૪ જુલાઈ, ૧૯૯૮. એફ.એ.ઓ. રીપોર્ટ ન. ૫૮૪.

[૬] આ ડોક્યુમેન્ટમાં “દેશ” નો અર્થ એફ.એ.ઓ.નાં સભ્ય અને બિન સભ્ય દેશ એવો થાય છે અને માછીમારી કરતી દરેક સંસ્થાને લાગુ પડે છે.

11. આ ડોક્યુમેન્ટમા “શાર્ક” નો અર્થ ફક્ત શાર્ક નહી પરંતુ શાર્ક, રેઅને કાયમેરા (ક્લાસ: કોન્ડરિકથાય્સ)નો પણ સમાવેશ થાય છે. જયારે “શાર્કનો પકડાશ”નો અર્થ તેનો આર્થિક ઉપાર્જનની દ્રષ્ટીએ, ફૂટા તરીકે અને મનોરંજન માટે થતો તેનો પકડાશ એવો થાય છે.

12. IPOA-શાર્ક બન્ને વ્યવસાયિક રીતે અને ફૂટાની રીતે પકડાશ થાય છે.

**IPOA-શાર્કનાં હેતુઓ:**

13. સહભાગિતા: જે દેશમાં શાર્કનો પકડાશથી તેની વસ્તી પર અસર થતી હોય તેવા દરેક દેશ આ પ્લાનમા ભાગ લઇ શકે છે.

14. સાતત્યપૂર્ણ વસ્તી: કોઇપણ માછલીનું સરક્ષણ અને મેનેજમેન્ટ સારી રીતે થઇ શકે અને તેની વસ્તી જળવાઈ રહે તે મારે સાવચેતીના પગલા લેવા ખુબ જ આવશ્યક છે.

15.સામાજિક આર્થિક અને પોષણકીય બાબતો: કેટલાક વિસ્તારોમાં માછીમારની આવક ઓછી હોય છે તેન પોષણક્ષમ ખોરાક મળતો નથી તેના માટે રોજી અને ખોરાક મારે ફક્ત શાર્ક પર જ નિર્ભર રહેવું પડે છે. આવા સ્થાનિક સમુદાયોનાં ખોરાક, રોજગાર અને આવક માટે શાર્કનું સંચાલન અને સંરક્ષણ અને વ્યૂહરચનાઓનો સમાવેશ કરવો જરૂરી છે જરૂરી છે.

**IPOA-શાર્કનો ઉદેશ્ય:**

16. IPOA-શાર્કનો મુખ્ય ઉદેશ એ છે કે તે તેના સરક્ષણ અને મેનેજમેન્ટથી લાંબા ગાળે તેની વસ્તી જળવાઈ રહે અને માછીમારોને ફાયદો થાય.

**IPOA-શાર્કનુ અમલીકરણ**

17. IPOA-શાર્ક એવા બધા દેશને લાગુ પડે છે જે પોતાના દેશની કે વિદેશની બોટ દ્વારા શાર્કના ફીશીંગ સાથે સંકળાયેલ છે.

18. દરેક દેશે શાર્કના પકડાશને ઘટાડવા નેશનલ પ્લાન ઓફ એક્શન (શાર્ક પ્લાન) અપનાવવો જોઈએ જેમાં ફક્ત શાર્કને જ પકડતા અથવા શાર્કને આડકતરી રીતે પકડતા માછીમારને રોકવા જોઈએ. શાર્ક પ્લાનની માહિતી આ સાથે પરિશિષ્ટ-૧ સામેલ છે. જયારે શાર્ક પ્લાન બનાવવામાં આવે ત્યારે બધા જ પ્રદેશ ને લાગુ પડે તેવો પ્લાન બનાવવો જોઈએ.

19. શાર્ક પ્લાન બનાવવો, અમલીકરણ અને તેનુ મોનીટરીંગ થાય એ બધા દેશની જવાબદારી છે.

20. COFI દ્વારા ૨૦૦૧ મા બનાવેલ શાર્ક પ્લાન બધા માટે મદદરૂપ થઇ શકે છે.

21. બધા દેશોએ નિયમિત રીતે શાર્કની વસ્તી વિશેની માહિત એકઠી કરવી જોઈએ જેથી શાર્ક પ્લાન સારી રીતે વિકસાવી શકાય. જેના અમલીકરણ માટે કોડ ઓફ કન્ડક્ટ ઓફ રિસ્પોન્સીબલ ફિશરીઝનાં આર્ટીકલ ન.૬.૧૩ મા વિસ્તૃત માહિતી આપેલ છે. જેમાંથી દરેક દેશને લગતા મુદાઓ શાર્ક પ્લાનમા સાંકળવા જોઈએ.શાર્ક આકારણીનો અહેવાલ અને સુચનો પરિશિષ્ટ-૨મા સામેલ છે. આ આકારની માટે ફીશીંગ પકડાશની માહિતી, પ્રજાતિ ઓળખવાની રીત અતિ આવશ્યક છે. દરેક દેશે એકઠી કરેલ માહિતી પોતાના દેશના એક્સપર્ટની સાથે અને એફ.એ.ઓ. સાથે ચર્ચ કરવી જોઈએ જેથી તેનું અમલીકરણ સારી રીતે થઇ શકે.તાદ્રુપ્રણ એક દેશમાંથી બીજા દેશમાં સ્થળાતરીત થતી શાર્ક વિશે પણ માહિતી જરૂરી છે.

**22. શાર્ક-પ્લાનનો મુખ્ય હેતુ નીચે મુજબ છે:**

- કોઈપણ રીતે કરેલ શાર્કનો પકડાશ લાંબા ગાળે તેમાં નકારાત્મક અસર તો નથી ફેલાવતા તેની ખાત્રી કરવી;
- શાર્કની વસ્તી, નિવાસસ્થાનને નુકશાન કરતી બાબતો એકઠી કરવી અને નકારાત્મક બાબતો પર પગલા લેવા જેથી લાંબે ગાળે તેનો ફાયદો થાય;
- શાર્કની કોઈપણ પ્રજાતિ નાશ થવાને આરે હોય તો તેને શોધી તેને બચાવવા માટે પગલા લેવા;
- શાર્ક પ્લાન બનાવવા માટે શિક્ષણ, સંશોધન, મેનેજમેન્ટ અને વેપાર કરતા દરેક વ્યક્તિઓ સાથે મળી તેના મંતવ્યો સામેલ કરવા જોઈએ;
- શાર્કનો આકસ્મિક પકડાશ ઘટાડવો;
- જૈવવિવિધતા અને પારિસ્થિતિક તંત્રની રક્ષણ થાય તે માટે યોગદાન આપવું જોઈએ;
- કોડ ઓફ કન્ડક્ટ ઓફ રિસ્પોન્સીબલ ફીશરીઝનાં આર્ટીકલ નંબર ૭.૨.૨.(ગ) મુજબ શાર્કનાં મૃતદેહનો બગાડ ઓછામાં ઓછો થાય તેની ખાત્રી કરવી જોઈએ;
- શાર્કનાં મૃતદેહનો સંપુર્ણ ઉપયોગ થવો જરૂરી છે;
- દરેક શાર્કની પ્રજાતીના પકડાશની માહતી એકઠી કરવી અને તેનું મોનીટરીંગ થવું જોઈએ;
- દરેક શાર્ક પ્રજાતિની ઓળખ અને તેના વેપાર વિશે માહિતી હોવી જરૂરી છે;

23. દર ચાર વર્ષે શાર્ક પ્લાનનુ મોનીટરીંગ થવું જોઈએ જેથી કેમ શાર્ક પ્લાન વધુ ફાયદાકારક અને ઓછો ખર્ચાળ બનાવી શકાય તેની માહિતી એકઠી કરી શકાય;

24.શાર્ક પ્લાનની સતત સમિક્ષ જરૂર નથી પરંતુ તેના પકડાશ અને વેપાર વિશે સતત માહિતી એકઠી કરવી અનીવાર્ય છે;

25. દરેક દેશે પોતાની ક્ષમતા અને આંતરરાષ્ટ્રીય નિયમ મુજબ પોતાના વિસ્તારમાં શાર્ક પ્લાન માટે સહકાર આપવો.

26. જે દેશો વચ્ચે શાર્કનું સ્થળાતર થાય છે તેવા દરેક દેશે સરક્ષણ અને મેનેજમેન્ટનાં પગલા લેવા.

27. દરેક દેશ એફ.એ.ઓ.નો સહયોગ લઇ સંશોધન, ટ્રેનીંગ, માહિતી ઉત્પાદન અને શિક્ષણ સામગ્રી વિકસાવવી જોઈએ

28. દરેક દેશે શાર્ક પ્લાનનીઆકારણી, વિકાસ અને અમલીકરણની પ્રગતિની માહિતી દર બે વર્ષે એફ.એ.ઓ.નાં કોડ ઓફ કન્ડક્ટ ઓફ રિસ્પોન્સીબલ ફિશરીઝ આપવી.

**એફ.એ.ઓ.ની ભૂમિકા**

29. એફ.એ.ઓ. એ પોતાના IPOA-શાર્ક પ્રોગ્રામ અંતર્ગત દરેક દેશમાં શાર્ક-પ્લાનનુ અમલીકરણ કઈ રીતે થઇ શકે તેના વિશે માહિતી પૂરી પડે છે.

30. એફ.એ.ઓ. શાર્ક પ્લાન માટે કોન્ફરન્સ કરે છે અને તેના વિકાસ અને અમલીકરણ માટે શાર્ક પ્લાન દ્વારા દરેક દેશને માહિતગાર કરે છે. તદ્ઉપરાંત જરૂર પડ્યે જો શાર્ક પ્લાન માટે વધુ ભંડોળની જરૂર હોય તો એ પણ પૂરુ પાડે છે. એફ.એ.ઓ. દરેક દેશને તેના એક્સપર્ટ દ્વારા શાર્ક પ્લાનના અમલીકરણ માટે માહિતી પૂરી પાડે છે.

31. એફ.એ.ઓ. COFI નાં રીપોર્ટ દ્વારા IPOA-શાર્ક પ્રોજેક્ટમાં કેટલી પ્રગતિ છે તેદર બે વર્ષે ચકાસે છે

**પરિશિષ્ટ ૧**

## શાર્ક પ્લાન માટે જરૂરી સુચનો

### I. પૂર્વભૂમિકા

જયારે શાર્ક પ્લાન દ્વારા શાર્કનું મેનેજમેન્ટની વાત આવે ત્યારે શાર્કના પકડાશ, સરક્ષણ અને મેનેજમેન્ટ માટે ખુબ જ ઓછી માહિતી છે જે એકઠી કરવી અને તેનો ઉપયોગ જરૂરી છે.

- શાર્કને ઓળખવા અને તેના વર્ગીકરણને લગરી સમસ્યા વિકટ છે
- શાર્કના પકડાશના, બંદર ઉપર થતા લેન્ડિંગનાં અને શાર્કને કેટલાં પ્રયત્ન થાય છે તેના વિશેની માહિતી અપૂરતી છે
- પકડ્યા પછી શાર્કને ઓળખવામાં મુશ્કેલી થાય છે
- તેના જીવનચક્ર અને જૈવિક જ્ઞાન ખુબ જ ઓછું છે
- સંશોધન અને મેનેજમેન્ટ માટે પુરતું ભંડોળ નથી
- એક દેશમાંથી બીજા દેશમાં સ્થળાંતર કરતી શાર્ક વિશે અપૂરતી માહિતી છે
- ઘણી જાળમાં એક કરતા વધુ પ્રજાતિઓ પકડાય છે તેમાંથી શાર્કની માહિતી એકઠી કરવી અઘરી બાબત છે

### II. શાર્ક પ્લાનમા સમાવિષ્ઠ વિષયવસ્તુ

શાર્કના સરક્ષણ અને મેનેજમેન્ટ માટે ટેકનીકલ માહિતી એફ.એ.ઓ. દ્વારા બનાવવામાં આવી છે. તદ્દુપરાંત શાર્ક પ્લાનનાં વિકાસ અને અમલીકરણનો પણ સમાવેશ થાય છે. જેની માહિતી નીચે દર્શાવેલ વિગત પર આપવામાં આવશે.

- દેખરેખ અને નિયંત્રણ
- શાર્કના પકડાશની માહિતી એકઠી કરી અને તેના પૃથક્કરણ દ્વારા
- શાર્ક પર સંશોધન
- શાર્કનાં બચાવ માટે માણસો તૈયાર કરવા
- મેનેજમેન્ટ માટેના પગલાનું અમલીકરણ થાય એ ચકાસવું

શાર્ક પ્લાનમા નીચેની બાબતોનો સમાવેશ થયેલ હોવો જોઈએ:

અ. હાલની પરિસ્થિતિ

- હાલની શાર્કની વસ્તી
- તેને લગતી માંછીમાંરીનું મહતવ
- મેનેજમેન્ટ કરવા માટેના પગલા અને તેની અમલવારી

બ. શાર્ક પ્લાનનો હેતુ

ક. શાર્ક પ્લાનની હેતુને પહોચી વળવા જરૂરી પગલા. જેનું ઉદાહરણ નીચે મુજબ છે:

- શાર્ક પકડતી બોટ ઉપર સંપુર્ણ નિયંત્રણ
- જ્યાં શાર્કની વસ્તી ઘટે ત્યાં તેના પકડાશ પર પ્રતિબંધ મુકવો
- પકડાયેલ શાર્કનાં બધા ભાગનો સંપુર્ણ ઉપયોગ થાય એની ચકાસણી
- શાર્કનો ડેટા કલેક્શન અને મોનીટરીંગ સિસ્ટમ સુધારવી જોઈએ
- બધા માછીમાર શાર્કની બધી પ્રજાતિઓ ઓળખી શકે તે માટે તેને ટ્રેનીંગ આપવી
- જે શાર્ક વિશે ઓછી માહિતી હોય તેના પર સંશોધન કરવું
- • શાર્કનો વેપાર અને ઉપયોગ કઈ રીતે થાય એ માહિતી એકઠી કરવી

**પરિશિષ્ટ ૨**

## શાર્ક મૂલ્યાંકન રીપોર્ટમા જરૂરી બાબતો

શાર્ક મૂલ્યાંકન રિપોર્ટમા નીચે મુજબની બાબતનો સમાવેશ કરવો જોઈએ: •

- ભૂતકાળ અને હાલની સ્થિતી:
    - શાર્કનો પકડાશ સીધો કે આડકતરી રીતે થાય તેની વિગત
    - ઉપયોગીતા: શાર્કના શરીરની ઉપયોગીતા અને તેનું આર્થિક મહતવ
- શાર્કની હાલની પરિસ્થિતિ
- હાલમાં મેનેજમેન્ટ માટેના પગલા:
    - માછીમારને શાર્કના ફીશીંગ પર પ્રતિબંધ
    - ટેકનીકલ પગલા (ફુટામા શાર્કનું પ્રમાણ ઘટાડવું, તેનાં માટે ચોમાસામાં ફીશીંગ બંધ રાખવું અને તેનાં માટે અભયારણ્ય બનાવવું)
    - અન્ય પાસાઓ
    - મોનીટરીંગ, નિયંત્રણ અને દેખરેખ
- મેનેજમેન્ટ માટે લીધેલ પગલાની અસરકારકતા
- હાલના મેનેજમેન્ટ માટે લીધેલ પગલામા ફેરફાર કરી તેને સુધારવા

## માછીમારી ક્ષમતા વ્યવસ્થાપન માટેઇન્ટરનેશનલ પ્લાન ઓફ એકશન

**પરિચય**

1. કોડ ઓફ કન્ડક્ટ ઓફ રિસ્પોન્સીબલ ફિશરીઝનો ધ્યાને લઇ અને તેનો સાતત્યપૂર્ણ માછીમારી માટેનો હેતુ જોતા માછીમારી ક્ષમતા વ્યવસ્થાપન અત્યંત જરૂરી છે. વધુ પડતી માછીમારીને લીધે દરિયામાં મત્સ્ય સંસાધન ઉપર ખુબ જ માંથી અસર થઇ છે જેથી માછલીના ઉત્પાદન ઘટાડો અને આર્થિક દુર્વ્યય થયો છે.

2. કોડ ઓફ કન્ડક્ટ ઓફ રિસ્પોન્સીબલ ફિશરીઝ આપણને વધુ પડતી માછીમારી અટકાવવા અને લાંબા ગાળે થતી તેની ખરાબ અસર અટકાવી સાતત્યપૂર્ણ માછીમારી શીખવે છે.

3. ફિશરીઝ કમીટીએ (COFI)૧૯૯૭ નાં છેલ્લા સત્રમાં એફ.એ.ઓ.ને વધુ પડતી માછીમારી રોકવા માટે વિનંતી કરી. જેથી એફ.એ.ઓ.એ ટેકનીકલ એક્સપર્ટને બોલાવી ૧૫-૧૮એપ્રિલ ૧૯૯૮ ના રોજ લા જોલ્લા, અમેરિકા ખાતે બનાવ્યું. ત્યાર બાદ ૨૨-૨૪ જુલાઈ ૧૯૯૮ અને પછી ૨૬-૩૦ ઓક્ટોબર ૧૯૯૮મ રોમ ખાતે ફરી મીટીંગ ગોઠવી.

**ભાગ I –ઇન્ટરનેશનલ પ્લાન ઓફ એકશનનાં ગુણધર્મ અને ભવિષ્ય**

4. ઇન્ટરનેશનલ પ્લાન ઓફ એકશન સ્વૈચ્છિક છે ફરજીયાત નથી. તેને કોડ ઓફ કન્ડક્ટ ઓફ રિસ્પોન્સીબલ ફિશરીઝનાં આર્ટીકલ ન. ૨ (ડ) ઉપરથી બનાવવામાં આવ્યા છે. જયારે આર્ટીકલ ન. ૩ એ તેનો બીજા આંતરરાષ્ટ્રિય સંસ્થા સાથે સબંધને દર્શાવે છે. આ માહિતી બધા દેશો અપનાવે તે માટે તેને પ્રોત્સાહિત કરવામાં આવે છે.

5. કોડ ઓફ કન્ડક્ટ ઓફ રિસ્પોન્સીબલ ફિશરીઝ અપનાવ્યું હોય એવા દરેક દેશને [૭] લાગુ પડે છે. દરેક દેશ અને તેના પ્રદેશ[૮] આંતરરાષ્ટ્રીય નિયમોની મર્યાદામાં રહીને ઉપરોક્ત મેનેજમેન્ટ કરવાનું રહેશે.

6. ઇન્ટરનેશનલ પ્લાન ઓફ એક્શન ફિશરીઝનાં સરક્ષણ અને મેનેજમેન્ટ માટે છે.

---

[૭] આ ડોક્યુમેન્ટમાં "દેશ" નો અર્થ એફ.એ.ઓ.નાં સભ્ય અને બિન સભ્ય દેશ એવો થાય છે અને માછીમારી કરતી દરેક સંસ્થાને લાગુ પડે છે.

[૮] આ ડોક્યુમેન્ટમાં જ્યાં પ્રદેશ શબ્દ વપરાય છે ત્યાં તેના પ્રદેશ અને તેના ભાગનો સમાવેશ થાય છે.

**ભાગ II –માછીમારી ક્ષમતા વ્યવસ્થાપનનોહેતુ અને ઉદેશ્ય**

7.ઇન્ટરનેશનલ પ્લાન ઓફ એકશનનો મુખ્ય હેતુ એ છે કે અનેક દેશ અને પ્રદેશમાં તે ૨૦૦૩ પહેલા ફેલાઈ જવું જોઈએ અને ૨૦૦૫ થી મોડું ન થવું જોઈએ. બધા દેશ પ્રદેશમાં આ મહતવનો પ્રશ્ન છે જેથી ખુબ જ અસરકારક અને ઉચિત પગલાઓ અનીવાર્ય છે જેથી લાંબા ગાળે તેની નકારાત્મક અસર ન પડે.

8. ઉપર દર્શાવેલ હેતુઓ પ્રાપ્ત કરવા ચાર મુખ્ય બાબતો છે:

અ. માછીમારી ક્ષમતાનાં સરક્ષણ માટે દરેક દેશ અને પ્રદેશમાં તેનું અમલીકરણ થવું જોઈએ;
બ. વધુ પડતી માછીમારી રોકવા માટે તુરંત નેશનલ પ્લાન ઓફ એક્શન બનાવવો જોઈએ;
ક.પોતાના પ્રદેશથી ચાલુ કરીને પુરા દેશ અને વિદેશમા ફેલાય જેથી વધુ પડતી માછીમારી રોકી શકાય.
ડ. ઘણી સ્થળાંતર કરતી માછલીઓ, દુર સુધી થતી માછીમારી, સરહદી વિવાદ માટે તુરંત પગલા લેવા જરૂરી છે.

એકબીજાને પુરક હોય તેવું પદ્ધતિથી ઇન્ટરનેશનલ પ્લાન ઓફ એક્શનનુ અમલીકરણ થઇ શકે: જેમાં વધુ પડતી માછીમારી વિશે જાગૃતિ, શિક્ષણ, આંતરરાષ્ટ્રીય ટેકનીકલ સહકાર અને સંકલનથી થઇ શકે.

9. નીચેના મુદાઓ ધ્યાને લઇ કોડ ઓફ કન્ડક્ટ ફોર રિસ્પોન્સીબલ ફિશરીઝનુ વધુ પડતી માછીમારી રોકવા માટે જરૂરી છે.

૧. સહભાગિતા: ઇન્ટરનેશનલ પ્લાન ઓફ એક્શન સીધું જ કે પછી બીજા દેશ સાથે ભાગીદારી કરીને તથા એફ.એ.ઓ.નાં સહકારથી અમલીકરણ થઇ શકે છે. ઉપરોક્ત અમલીકરણ કરેલ મુદ્દાઓ એફ.એ.ઓ.ને જાણ કરવાની રહેશે. એફ.એ.ઓ. પણ તેની અમલવારી માટે સતત માર્ગદર્શન આપશે.

૨. તબક્કાવાર અમલીકરણ: માછીમારી ક્ષમતા વ્યવસ્થાપન માટે દેશ અને પ્રાદેશિક પ્લાન ત્રણ તબક્કમાં કરવાની રહેશે. જેમા પ્રથમ તબક્કામાં મૂલ્યાંકન અને તપાસ કરવી જોઈએ. (પ્રાથમિક તબક્કાની તપાસ વર્ષ ૨૦૦૦ નાં અંતભાગ સુધીમાં પૂરી થઇ જવી જોઈએ). બીજા તબક્કામાં તેને મેનેજમેન્ટનાં પગલા (જે વર્ષ ૨૦૦૨ નાં અંતભાગ સુધીમાં પુરા થઇ જવા જોઈએ). ત્રીજા તબક્કમાં સમયાંતરે તેમાં જરૂર મુજબ ફેરફાર કરવો. ઉપરોક્ત વર્ણવેલ બધા જ મુદ્દાઓનો વર્ષ ૨૦૦૫ પહેલા અમલવારી થવી જોઈએ.

૩. સાવધાનીપૂર્વકનો અભિગમ: માછીમારી ક્ષમતા વ્યવસ્થાપનમા દેશનાં અને વિદેશના બધા જ પરિબળો ધ્યાનમા લેવા

૪. સરક્ષણ: માછીમારી ક્ષમતા વ્યવસ્થાપન દ્વારા સરક્ષણ અને લાંબે ગાળે મત્સ્ય અને તેના

દરિયાય પર્યાવરણ માટે સાવચેતીના પગલા લેવા આવશ્યક છે. માછીમારી દરમ્યાન ફૂટો ઘટાડવો અને ચોક્કસ માછલી જ પકડાય તેવી ફીશીંગની પદ્ધતિ વાપરવી જોઈએ જેથી પર્યાવરણ અને માછલી બન્નેને ઓછું નુકશાન થાય.

૫. અગ્રતાક્રમ: માછીમારી ક્ષમતા વ્યવસ્થાપનમા ફૂટો ઘટાડવા માટે વધુ પડતી માછીમારી ઘટાડવા સૌથી વધુ અગ્રતા આપવી જોઈએ.

૬. નવી ટેકનોલોજી: માછીમારી ક્ષમતા વ્યવસ્થાપન માછલી પકડવામાં નવી પદ્ધતિનો ઉપયોગ કરવો જોઈએ જેથી પર્યાવરણને સૌથી ઓછું નુકશાન જાય.

૭. ચપળતા: માછીમારી ક્ષમતા વ્યવસ્થાપનમા જયારે કોઈ પગલા અસરકારક હોય ત્યારે તેનો ઉપયોગ કરવો અને બીનઅસરકારક પગલા ન લેવા કે જે માછીમારના સામાજિક અને આર્થિક વ્યવહારમા અસર કરતા હોય.

૮. પારદર્શકતા: ઇન્ટરનેશનલ પ્લાન ઓફ એક્શન અસરકારક રીતે કોડ ઓફ કન્ડક્ટ ફોર રિસ્પોન્સીબલ ફિશરીઝનાં આર્ટીકલ નંબર ૬.૧૩ અનુસાર હોવો જોઈએ.

10. ઈન્ટરનેશનલ પ્લાન ઓફ એક્શનનુ અમલીકરણ કોડ ઓફ કન્ડક્ટ ફોર રિસ્પોન્સીબલ ફિશરીઝનાં આર્ટીકલ નંબર ૫ પ્રમાણે વિકસિત દેશોએ પોતાની કેપેસીટી વધારી પોતાની નવી જ ફીશરી વિકસાવવી કે પછી દુરના વિસ્તારમાં ફીશીંગ કરવું જ્યાં વિકાસશીલ દેશો કે અવિકસિત દેશો પંહોચી ન શકે પરંતુ આંતરરાષ્ટ્રીય નિયમોને આધીન.

**ભાગ III –માછીમારી ક્ષમતા વ્યવસ્થાપન માટેજરૂરી પ્રક્રિયાઓ**

**વિભાગI: માછીમારી ક્ષમતા મોનીટરીંગ અને આકારણી**

**માછીમારી ક્ષમતાનુ માપન**

11. દરેક દેશે માછીમારી ક્ષમતાનાં પાયાના સિધાંતો સમજવામાં સહકાર આપવો જેથી તેને અનુરૂપ પગલા લઇ શકાય.

12. દરેક દેશને એફ.એ.ઓ. દ્વારા માછીમારી ક્ષમતા વિષય ઉપર ૧૯૯૯ પહેલા માર્ગદર્શન લઇ માહિતી એકઠી કરી તેનું વિશ્લેષણ કરી પ્રાથમિક તપાસ કરવી જોઈએ જેને દરેક દેશ, પ્રદેશ અને વિદેશમા ફેલાવવું જોઈએ.

માછીમારી દરમ્યાન થતી સમસ્યાઓ અને તેને લગતાસાવચેતીના પગલા

13. દરેક દેશે વર્ષ ૨૦૦૦ પહેલા માછીમારી ક્ષમતાને લગતી પ્રાથમિક તપાસ પૂરી કરવાની રહેશે. જેનાં સિધ્ધાંત અને મૂલ્યાંકન સમયાંતરે કરવું જોઈએ.

14. દરેક દેશ પોતાની મત્સ્યક્ષેત્રે જે જે પગલા જરૂરી છે તે ૨૦૦૧ પહેલા પૂરું કરવાનું રહેશે જેને લગતા સુધારા વધારા પણ ધ્યાનમાં લેવા.

15. દરેક દેશે સૌપ્રથમ તો પોતાના કોઈ પ્રદેશથી માછીમારી ક્ષમતા મારે પ્રાથમિક તપાસ શરુ કરવી અને ત્યારબાદ તેને પુરા દેશમા ફેલાવવી. તદુપરાંત તેનું એફ.એ.ઓ. જેવી સંસ્થા સાથે સંકલન કરી એકથી બીજા દેશમાં સ્થળાંતર કરતી માછલી વિશે માહિતી એકઠી કરો તેને લગતા મેનેજમેન્ટનાં પગલા તાત્કાલિક લેવા.

**ફીશીંગ બોટનો માહિતી એકઠી કરવી:**

16. દરેક દેશે એફ.એ.ઓ.ને પોતાના દેશમાં વપરાતી ફીશીંગ બોટ વિશેની માહિતી પૂરી પાડવી.

17. દરેક દેશે પણ પોતાના દેશમાં ઉપયોગ થતી ફીશીંગ બોટ વિશે માહિતી રાખવી જેથી જરૂર પડ્યે તેનો ઉપયોગ થઇ શકે.

18. આંતરરાષ્ટ્રીય સ્તરે દરિયામાં દુર સુધી માછીમારી થાય છે તેના સરક્ષણ અને મેનેજમેન્ટ માટે દરેક દેશે વર્ષ ૨૦૦૦ પહેલા ફીશીંગ બોટની માહિતી એકઠી કરી એફ.એ.ઓ.ને પૂરી પાડવી. તે ઉપર એગ્રીમેન્ટ પણ કરવું.

**ભાગ II: નેશનલ પ્લાન ઓફ એક્શન બનાવવા માટે જરૂરી બાબતો**

**નેશનલ પ્લાન અને નીતિ બનાવવી**

19. દરેક દેશે માછીમારી ક્ષમતા વ્યવસ્થાપન માટે નેશનલ પ્લાન ઓફ એકશનની આકારણી કરવી જેથી દેશના દરિયાય કુદરતી સંપતિને બચાવી શકાય.

20. માછીમારી ક્ષમતા વ્યવસ્થાપન માટે એક પદ્ધતિસર અને ચોક્કસ યોજના બનાવવી જેની નિયમિત રીતે આકારણી થવી જોઈએ જેથી કુદરતી સંપતિને સાચવી શકાય.

21. દરેક દેશે આ પ્લાન અપનાવવો જોઈએ અને તેને ૨૦૦૨ સુધીમાં અમલીકરણ શરુ કરી દેવું જોઈએ. લાંબા ગાળે માછીમારી પર ખરાબ અસર ન થાય તે માટે જરૂરી પગલાઓ લેવા. જેના માટે તાત્કાલિક ધોરણે પગલા લેવા અનીવાર્ય છે જેથી વધુ પડતી માછીમારી અટકાવી શકાય.

22. જયારે આવો નેશનલ પ્લાન ઓફ એક્શન બનાવી રહ્યા હોય ત્યારે માછીમારનાં સામાજિક અને આર્થિક પરિબળો ધ્યાને લેવા અને માછીમારો માટે  બીજી રોજગારીની તકો ઊભી કરવી જેથી માછીમારી પર બોજો ઘટાડી શકાય.

23. જયારે એવુ લાગે કે નેશનલ પ્લાન ઓફ એક્શન જરૂરી નથી ત્યારે પણ દરિયાય કુદરતી સંપતિની દેખરેખ માટે પગલા તો લેવા જ.

24.દરેક દેશે માછીમારી ક્ષમતાનુ મૂલ્યાંકન ઓછા ખર્ચે અને નિયમિત રીતે ઓછામાં ઓછા દર ચાર વર્ષે કરવું જોઈએ.

**માછીમારી ક્ષમતા વ્યવસ્થાપન માટે સબસિડી અને અન્ય આર્થિક લાભ**

25. જયારે માછીમારી ક્ષમતા વ્યવસ્થાપન માટે નેશનલ પ્લાન ઓફ એક્શન બનાવવામાં આવે ત્યારે બધા જ પાસાઓનો સમાવેશ થવો જોઈએ. જેમાં સબસિડીનો પણ સમાવેશ થાય છે. જે વ્યક્તિઓ ફીશીરીઝ મેનેજમેન્ટ માટે સારુ કામ કરે તેને પ્રોત્સાહન માટે સબસિડી આપવી જોઈએ.

26. દરેક દેશમાં ફીશીંગને પ્રોત્સાહન આપવા માટે ઘણી યોજનાઓ ચાલતી હોય છે જેમાં સરકાર સબસિડી આપે છે જેથી વધુ માછીમારી થાય. પરંતુ જયારે આવો પ્લાન ઓફ એક્શન બનાવવામાં આવે ત્યારે આવી સબસિડી બંધ કરવી જેથી દરિયાય પર્યાવરણ પર ભાર ઓછો કરી શકાય. પરંતુ આમાં પરંપરાગત માછીમારી કરતા નાના માછીમારને નુકશાન ન થાય તેની ચોકસાઈ લેવી.

**માછીમારી ક્ષમતા વ્યવસ્થાપન માટેની પ્રાદેશિક બાબતો**

27. સારા ફિશરીઝ મેનેજમેન્ટ માટે દરેક દેશ અને તેના પ્રદેશે જરૂર જણાય ત્યાં સહકાર આપવો જોઈએ.

28. દરેક દેશ એફ.એ.ઓ.નો સહયોગ લઇ સંશોધન, ટ્રેનીંગ, માહિતી ઉત્પાદન અને શિક્ષણ સામગ્રી વિકસાવવી જોઈએ

**ભાગ III: આંતરરાષ્ટ્રીય બાબતો:**

29. દરેક દેશનાં માછલીનાં જથ્થા અને સ્થળાંતર કરતી માછલીનો જથ્થાનુ સરક્ષણ અને મેનેજમેન્ટ માટે દરેક દેશે યુનાઇટેડ નેશન કન્વેન્શન લો ઓફ સી જે ૧૦ ડીસેમ્બર ૧૯૮૨ થી અમલમાં છે તેનુ પાલન કરવું જેથી માછીમારી ક્ષમતા વ્યવસ્થાપન સારી થઇ શકે.

30. દરેક દેશે બીજા દેશ કે પ્રદેશનો સહકાર લઇ કે આપીને સારી રીતે માછીમારી ક્ષમતા વ્યવસ્થાપન કરી શકે છે.

31. દરેક દેશ દ્વારા સમુદ્રમાં પોતાની હદમાં દુર સુધી ફીશીંગ કરવામાં આવે છે તેમાં વધુ પડતી માછીમારી અટકાવવી જોઈએ. જે માટે તેવી ફીશીંગ બોટ માટે નિયંત્રણ જરૂરી છે.

32. દરેક દેશે પોતાના દરેક પ્રદેશમા ફીશીંગને લગતા ડેટા એકઠા કરવા માટે એક સિસ્ટમ તૈયાર કરવી જોઈએ અને જરૂર પડ્યે એફ.એ.ઓ.ની મદદ લેવી જેથી કામ સરળ અને સારી રીતે થઇ શકે.

33. જે દેશ આંતરરાષ્ટ્રીય ફીશીંગનાં નિયમોનું પાલન નથી કરતો અથવા તો પોતાના દેશમાં પણ આવા કોઈ નિયમો ન હોય તેને બીજા દેશોએ સહકાર આપી તેના દેશમાં પણ આવા નિયમો ઘડવા અને તેનું પાલન થાય તેવા યોગ્ય પગલા લેવા માર્ગદર્શન આપવુ જોઈએ.
34. દરેક દેશ આંતરરાષ્ટ્રિય સંસ્થા સાથે જોડાય અને ફિશરીઝનુ મેનેજમેન્ટ અને સરક્ષણ સારી રીતે થાય ટે માટે દરેક દેશને પ્રાત્સાહન આપવું જોઈએ.

35. જે દેશ સરક્ષણ અને મેનેજમેન્ટમા પગલા નથી લેતા તેને એફ.એ.ઓ. દ્વારાવિવિધ માહિતી વિનિમય અને માર્ગદર્શન આપવું જોઈએ અને તેને પ્રોત્સાહન આપવું જોઈએ. જેનો સમાવેશ કોડ ઓફ કન્ડક્ટ ઓફ રિસ્પોન્સીબલ ફિશરીઝનાં આર્ટીકલ નંબર ૪ મા થાય છે.

36. કોડ ઓફ કન્ડક્ટ ઓફ રિસ્પોન્સીબલ ફિશરીઝનાં આર્ટીકલ નંબર ૩ મુજબ એગ્રીમેન્ટ બનાવવું જેથી મેનેજમેન્ટ સારી રીતે થઇ શકે.

37. એક દેશનાં એક્શન પ્લાનની માહિતી તેની સહમતી વગર બીજા દેશને ન આપવી. સૌપ્રથમ સંબધિત દેશની પરવાનગી લઇ પછી માહિતી બીજા દેશને આપવી.

38. દરેક દેશે કોડ ઓફ કન્ડક્ટ ઓફ રિસ્પોન્સીબલ ફિશરીઝનુ પાલન કરવું અને જે તે દેશના ફીશીંગને લગતા નિયમો પાડવા અને બીજા દેશની સીમામા ફીશીંગ ન કરે તેની તકેદારી રાખવી.

**ભાગ IV: આંતરરાષ્ટ્રીય માછીમારીની સમસ્યાનાં નિરાકરણ માટે ઉપયોગી તાત્કાલિક પગલાઓ**
39. દરેક દેશે સૌપ્રથમ આંતરરાષ્ટ્રીય ફિશરીઝનાં નિયમોનુ પાલન કરવું. તદ્‌પરાંત એકથી બીજા દેશમાં સ્થળાંતર કરતી માછલીનાં ફીશીંગ વિશે માહિતી એકઠી કરો તેને લગતા મેનેજમેન્ટને અગ્રતા આપવી.
40. ઇન્ટરનેશનલ પ્લાન ઓફ એક્શનમા દરેક દેશ પોતાની રીતે કે એક અથવા બીજા દેશ સાથે મળીને દરિયાય પર્યાવરણને સરક્ષણ[૯] માટે સહકાર આપવ જોઈએ. અને જે પ્રજતીઓ વધુ પડતી પકડાઈ છે તેના મેનેજમેન્ટ માટે પણ આ એક્શન પ્લાનમા યોગ્ય પગલા છે જે નીચે મુજબ છે.

---

[૯] માછીમારી સરક્ષણનાં પગલાઓ દરેક વિસ્તારમાં અલગ અલગ હોય છે. જેમ કે મોટા સ્તરે ટ્યુનાની વાધા (લોંગ લાઈન) ફીશીંગમા ૨૦-૩૦ % નો ઘટાડો નોંધાયો છે (વધુ માહિતી માટે જુઓ એફ.ઓ.દ્વારા પ્રકાશિત માછીમારી ક્ષમતા વ્યવસ્થાપન, લા જોલ્લા, અમેરિકા, ૧૫-૧૮ અપ્રિલ, ૧૯૯૮. એફ.એ.ઓ. ફિશરીઝ રીપોર્ટ ૫૮૬).

અ. જે પણ આર્થિક રીતે ઉપયોગી માછલીની પ્રજાતિઓ વધુ પડતી પકડાઈ ગઈ છે અને તેના મેનેજમેન્ટ માટે પગલા લેવા અને તેમાં થતા આર્થિક નુકશાન વિશે પણ માહિતી એકઠી કરવી.

બ. જે દેશની વધુ પડતી માછીમારી થઇ છે તે દેશમાં સાવચેતીના પગલા લેવા અત્યંત આવશ્યક છે.

**ભાગ IV– એક્શન પ્લાનનાં અમલીકરણ માટેનુમાળખું**

41. દરેક દેશે એક માહિતી પ્રોગ્રામ બનાવવો જોઈએ જે દેશ, પ્રદેશ અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ માછીમારી ક્ષમતા વ્યવસ્થાપન માટે ઉપયોગી હોય. તેનો ખર્ચો અને તેના ફાયદા વિશે પણ માહિતી આપતો હોવો જરૂરી છે.

**માછીમારી ક્ષમતા વ્યવસ્થાપન માટે વૈજ્ઞાનિક અને ટેકનીકલ સહકાર.**

42. દરેક દેશે માછીમારી ક્ષમતા વ્યવસ્થાપન વૈજ્ઞાનિક અને ટેકનીકલ બાબતોને પ્રસારિત કરવી જોઈએ જેથી બીજા દેશ અને પ્રદેશને તેનો લાભ મળે.

43. માછીમારી ક્ષમતા વ્યવસ્થાપન માટે ટ્રેનીંગ, કોઈ નવી સંસ્થાનો સમર્થન, આર્થિક, ટેકનીકલ અને અન્ય જરૂરી બાબતો પૂરી પાડવી જોઈએ.

**માછીમારી ક્ષમતા વ્યવસ્થાપનનુ રિપોર્ટીંગ**

44. દરેક દેશે પ્લાન ઓફ એક્શનની પ્રગતી, વિકાસ અને અમલીકરણની માહિતી દર બે વર્ષે એફ.એ.ઓ.ને આપવાની રહેશે.

**એફ.એ.ઓ.ની ભૂમિકા**

45. એફ.એ.ઓ. કોન્ફરન્સ, સંબંધિત માહિતી, જરૂરિયાતો , ફિશરીઝ મેનેજમેન્ટ પદ્ધતિ અને સબસિડી દ્વારા પ્લાન ઓફ એક્શનની સફળતા માટે મદદ કરે છે.

46. એફ.એ.ઓ. તેની કોન્ફરન્સ, નિયમિત પ્રવૃતિઓ દ્વારા દરેક દેશમાં નેશનલ પ્લાન ઓફ એક્શનનુ અમલીકરણ થાય તે માટે માર્ગદર્શન આપે છે.

47. એફ.એ.ઓ. દરેક દેશને ટેકનીકલ માહિતી દ્વારા અને જરૂરી ભંડોળ પૂરું પાડે છે અને જો જરૂરી હોય તો વધારાનું ભંડોળ પણ પૂરુ પાડે છે.

48. એફ.એ.ઓ. એ ફિશરીઝ કમીટી (COFI) દ્વારા ઇન્ટરનેશનલ પ્લાન ઓફ એક્શનનાં અમલીકરણનો દ્વિવાર્ષિક રિપોર્ટ મેળવે છે.

ઇન્ટરનેશનલ પ્લાન ઓફ એક્શન એ સ્વૈચ્છિક છે જે બધા જ દેશને લાગુ પાડે છે. દરેક પ્લાન ઓફ એક્શનમા જે દેશ તેને અપનાવવા માગતા હોય તેના માટે તેન સૌપ્રથમ તો તેના ક્યાં ભાગમાં તકલીફ છે તેની આકારણીની કરવી અને પછી નેશનલ પ્લાન ઓફ એક્શન બનાવવો જેમાં બીજા દેશની મદદ પણ લઇ શકાય છે અને તેનું રીપોર્ટીંગ પણ જરૂરી છે. તદ્ઉપરાંત તેમાં આવો એક્શન પ્લાન ક્યારે અમલમાં મુકવો તેની વિગત પણ પૂરી પાડવી આવશ્યક છે.

*Translated and Printed by the Bay of Bengal Programme*
*Inter-Governmental Organisation*
*December 2014*